# *ગાભણ તથા દૂધાળા પશુઓની આહાર વ્યવસ્થા અને માવજત વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો*

પશુ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા તેમજ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આકૃયુના સંયુક્ત ઉપક્રમે તા-૨૩/૧૧/૨૦૨૧ ના રોજ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દેવગઢ બારિયા ખાતે ગાભણ તથા દૂધાળા પશુઓની આહાર વ્યવસ્થા અને માવજત વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. સદર તાલીમ કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના તેમજ દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. ત્યારબાદ કેન્દ્રના વડા ડૉ. જી.જે. પટેલ દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીમાંથી પધારેલ ડૉ. એમ.ટી.પંચાલ તથા ડૉ. જે. એ,પટેલ પ્રાધ્યાપક, વેટરનરી કોલેજ, આકૃયુ, આણંદ, ડૉ. પી. એન. લુણાગરીયા (સહ સંશોધન વૈજ્ઞાનિક, પશુ સંશોધન કેન્દ્ર, આણંદ) તેમજ મહિલા તાલીમાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું તથા આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કેન્દ્રના વડા ડૉ. જી.જે. પટેલ દ્વારા પશુ વિજ્ઞાન કેન્દ્રની સિદ્ધિઓ તેમજ તાજેતરમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓથી મહિલા ખેડૂતોને વાકેફ કરવામાં આવ્યા તેમજ દૂધાળા પશુઓમાં ઘાસચારના મહત્વ વિષે માહિતગાર કર્યા. ડૉ. એમ.ટી.પંચાલ દ્વારા પશુઓની પ્રજનન ક્ષમતા અને પશુઓમાં ઊથલા મારવાના કારણો તથા નિરાકરણ અન્વયે માહિતી પૂરી પાડવામાં આવી. ડૉ જે. એ. પટેલ દ્વારા ગાય ભેશમાં ઋતુચક્ર, વેતરકાળ, બીજદાન અને ગર્ભનિદાન વિષયક માહિતીથી માહિતગાર કર્યા. ડૉ. પી. એન. લુનાગરીયા દ્વારા વૈજ્ઞાનિક ઢબે પશુઓની માવજત અંતર્ગત મહિલા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ તેમજ ડૉ વાય.બી. ચૌહાણ (તાલીમ સહાયક,પ્લા. પેથો.) દ્વારા લીલાચારામાં સંકલિત જીવાત નિયંત્રણ વિષેની માહિતીથી માહિતગાર કર્યા. આ તાલીમ દરમિયાન ૪૦ મહિલા ખેડૂતોએ ભાગ લીધેલ હતો. તાલીમનું સફળ સંચાલન ડૉ એ.વાય. માકાણી (આર.એ, પ્લાન્ટ. બ્રિડિંગ), ડૉ એકતા એચ.પંડ્યા (આર.એ, ગૃહ વિજ્ઞાન) તથા ડૉ હર્ષ.કે. દેસાઇ (આર.એ, વિસ્તરણ) દ્વારા કરવામાં આવ્યું. તાલીમના અંતે મહિલા ખેડૂત તાલીમાર્થીઓ સાથે વિષય અનુરૂપ મુશ્કેલીઓ તથા તેના નિવારણ બાબતે ચર્ચા કરી, ડૉ સી.જે. પટેલ (મદદનીશ વૈજ્ઞાનિક) દ્વારા આભાર વિધિ કરવામાં આવી.







